| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

તા.૩૦/૧૧/૨૦૨૩ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૩૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૧૭૬ લીટર દેશી દારૂ, ૬ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિઓને ઝડપી જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૩૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૧૯૩૪/૨૦૨૩

**નારણપુરાઃ** કમલેશભાઇ સ/ઓ રામચન્દ્રભાઇ બુઢાણી (રહે. ઉદય એપાર્ટમેન્ટ ટેલીફોન એક્સચેન્જ પાછળ ઘાટલોડીયા) એ તા.૨૯/૧૧/૨૦૨૩ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૧/૨૦૨૩ રાતના ૮/૩૦ થી તા.૨૮/૧૧/૨૦૨૩ કલાક ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નારણપુરા પ્રગતિનગર સુજન ટાવર દુકાન નંબર-૧૦ આગળ ખુલ્લી જગ્યામાંથી ચાર સ્ત્રીઓ એલ્યુમિનિયમનો સર-સામાન કિમત રૂપિયા ૫૬,૯૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જે.ખાંટ ચલાવે છે.

**ચાંદખેડાઃ** ચિરાગ અશોકભાઇ શાહ (રહે. સમયત શિખર એપાર્ટમેન્ટ નાગેશ્વર જૈન દેરાસર પાસે જામનગર રોડ રાજકોટ) એ તા.૨૯/૧૧/૨૦૨૩ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૧/૨૦૨૩ બપોરના ૧/૦૦ થી ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ચાંદખેડા તપોવન સર્કલ પાસે ફન પોઇન્ટ ગાર્ડન ખાતે ચિરાગ શાહના બહેનની નજર ચુકવી અજાણી વ્યક્તિ ચિરાગ શાહના બહેન પાસેના પર્સમાંથી દાગીના કિમત રૂપિયા ૧,૩૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.પી.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૯૩૫/૨૦૨૩**

**માધવપુરાઃ** પાયલ વા/ઓ પ્રતિક જૈન (ઉ.વ.30) (રહે. શિતલ એક્વા બિલ્ડીંગ રીવરફ્રંટ સુભાષબ્રીજ પાસે શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૨૯/૧૧/૨૦૨૩ બપોરના ૨/૦૦ થી ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી “એલ” ડીવીજન ચલાવે છે.

**બાપુનગરઃ** કિરણભાઇ નારણભાઇ પટણી (ઉ.વ.૨૬) (રહે. આઇ-૨૦૫ રાધારમણ કો.ઓ.હા.સો. રાજસ્થાન સોસાયટી પાસે અનિલ સ્ટાર્ચ મીલ રોડ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૮/૧૧/૨૦૨૩ સાંજના ૬/૫૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.દેસાઇ ચલાવે છે.

**રામોલઃ** કલ્પેશભાઇ હરેશભાઇ પરમાર (ઉ.વ.30) (રહે. શ્રીનંદસીટી વિભાગ-૧ ન્યુ મણીનગર રામોલ) એ અગમ્ય કારણસર તા.૨૮/૧૧/૨૦૨૩ રાતના ૧૦/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કાળૂભાઇ ભુરાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી